**મુરલીધર શેઠ બહુ જ વ્યવસ્થિત માણસ હતા. પોતે તો વાળ-વસ્ત્ર- વ્યવહાર બાબતે ખૂબ વ્યવસ્થિત હતા જ, સાથે કામકાજની શિસ્ત, નિયમિતતા, કુશળતાના આગ્રહી હતા એટલે જ ખૂબ સફળ વેપારી બની શક્યા હતા. આવા માણસની હત્યા...**

# ટેબલ પરની પરબીડિયા ખોલવાની છરી હવે શેઠની ગરદનમાં હતી!

## વ્યવસ્થિત માણસ

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

મુરલીધર શેઠ બહુ જ વ્યવસ્થિત માણસ હતા. એમનું બધું જ કામ પદ્ધતિસરનું અને રીતસરનું કારણ કે મુરલીધર નવા યુગના બિઝનેસમેન હતા. આડતિયાનો ધંધો તો એમની સાત પેઢીથી ચાલુ હતો પણ મુરલીધરે ધંધાની રીત જ બદલી નાખી હતી. આડતને એમણે 'એજન્સી' બનાવી દીધી હતી. વધારે ક્ષમતા માટે એ અમેરિકા જઈને બિઝનેસ મેનેજમેન્ટ શીખી આવેલા!

અત્યારે એમના ટેબલ પર પડેલી ડાયરી પણ એમની પદ્ધતિસરતાની સાક્ષી પૂરતી હતી. એ ડાયરીમાં દરેક દિવસના મોટા પાનાને 24 પાનાંઓમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. એ દરેક પાનું એક એક કલાક સૂચવતું હતું. એ કલાક દરમિયાન પણ કઈ મિનિટે કોણ પોતાને મળવા આવવાનું છે એની નોંધ હતી. ડાયરીનું નામ પણ નવતર હતું; પ્લાનર!

નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર દિનકર દેસાઈએ આજની તારીખના ખાનામાં લખાયેલી મુલાકાતીઓની યાદી પર આંગળી ફેરવી. એ બોલી ઊઠયો, ''ઓહોહો! આઠ કલાકમાં 12 વેપારીઓની મુલાકાતો નોંધાઈ છે. મુરલીધરભાઈ ઘણો મોટો ધંધો કરતા હોવા જોઈએ. આ 12 વેપારીઓમાંથી ઘણાને હું ઓળખું છું. કોઈ કાપડબજારના આગેવાન છે તો કોઈ રંગબજારના કે લોખંડબજારના. બધા કરોડોપતિ પુરુષો છે. મુલાકાત નક્કી થયા પછી તરત જ ડાયરીમાં નોંધી લેવાનો એમનો રિવાજ જણાય છે.''

ડિટેક્ટીવ અજયે પણ એ પ્લાનર પર ઊડતી નજર ફેંકી. ''બિચારા! એમની વ્યવસ્થિતતા એળે ગઈ. કોઈકે બહુ વ્યવસ્થિત રીતે એમનું ખૂન કરી નાખ્યું!''

આટલું બોલીને અજયે ટેબલ પાછળની ખુરશીમાં ઢળી પડેલા મુરલીધર તરફ ધ્યાનથી જોયું. એ લગભગ 40-45ના સુવ્યવસ્થિત માણસ હતા. વાળ ઓળવાની રીત, કપડાં, મૂછો, બધું એમનો વ્યવસ્થિતતા માટેનો આગ્રહ દર્શાવતું હતું.

ટેબલ પર થોડાક કાગળ, ફાઈલો, એશટ્રે, પેન સ્ટેન્ડ અને બે ફોન ઈન્સ્ટ્રુમેન્ટ હતાં. એક ફોન બહારનો અને એક આંતરિક વાતચીત માટેનો હશે. બાજુમાં જ સારો મોબાઈલ હતો.

ટેબલ પર એક વસ્તુ ખૂટતી હતી. પરબીડિયા ખોલવા માટેની છરી! આ છરી અત્યારે ટેબલ પર નહોતી કારણ કે એ મુરલીધરની ગરદનમાં પરોવાયેલી હતી! આ જ છરીથી એની શ્વાસનળી વીંધાઈ ગઈ હતી અને મુરલીધર શેઠ મરણ પામીને ખુરશીમાં ઢળી પડયા હતા.

''આ છરી પર મારનારનાં આંગળાંની છાપ મળી આવશે.''દિનકર આશાભેર બોલ્યો.

અજયે માથું ધુણાવ્યું. ''હવેના ગુનેગારો હોંશિયાર થઈ ગયા છે. મારનારે કાં રૂમાલથી પકડીને છરી મારી હશે અથવા પછી ઘસીને લૂછી નાખી હશે.''

એટલામાં ઓફિસના બારણા પર ટકોરા પડયા. અજય-દિનકરે જોયું. બારણામાં જગતકુમાર ઊભો હતો. મુરલીધરનો એ મેનેજર હતો. એણે જ નવરંગપુરા પોલીસ સ્ટેશને ફોન કરીને આ ઘટનાના ખબર આપ્યા હતા. એ વેળા જોગાનુજોગ અજય પણ દિનકર પાસે બેઠો હોવાથી દિનકર એને અહીં લઈ આવ્યો હતો. જગતકુમારે પૂછ્યું, ''સાહેબો, ઓફિસ બરાબર જોઈ લીધી?'

દિનકરે માથું હલાવીને હા પાડી અને અજયે કહ્યું, ''આવો જગતકુમાર. અંદર આવો. અમારે તમનેય કેટલીક વાતો પૂછવાની છે.''

જગતે અંદર આવતાં બારણું બંધ કરી દીધું. પછી મુરલીધરના ટેબલ સામે પડેલી એક ખુરશીને અવળી



ફેરવીને એ બેઠો. મૃત મુરલીધર તરફ નજર રાખી બેસવાની એની હિંમત ન હોય એ સૂચવાયું. પોતાના અન્નદાતાના મૃત્યુનો આઘાત અને ચિંતા એના ચહેરા પર સ્પષ્ટ કળાતા હતા.

અજયે મૃદુ અવાજે પ્રશ્ન કર્યો, ''શેઠ મુરલીધરને જીવતા જોનાર તમે છેલ્લા જ હતા?''

''હા, જી,'' જગતકુમારે માંડ માંડ આંસુ ખાળતાં, આંખો પટપટાવતાં કહ્યું. ''લગભગ સાડા બારે એમણે એક શેઠિયાની મુલાકાત પતાવી હતી. પછી એ શેઠિયાને માલ મોકલવા અંગેની સૂચનાઓ આપવા મને બોલાવેલો.''

''એ શેઠ તો પેલા રામલખન યાદવ હશે ને?'' દિનકરે ડાયરીમાં નજર કરતાં પૂછ્યું.

''હા, જી. એ ઘડિયાળોના પટ્ટાનો વેપાર કરે છે. અમારી પાસે ચીનથી 10 લાખ સારા પટ્ટા આવવાના હતા. એનો સોદો કરવા શેઠે રામલખનને બોલાવેલા. એ સૂચના મને આપીને બોલ્યા કે પોતે એક વાગે કોઈકને ઘેર જમવા જવાના છે એટલે મેં રજા લીધી. હું બહારની કોમન ઓફિસમાં જઈને બેઠો. પોણા વાગે મારા પર એક ફોન આવ્યો. એ અંગેની વાત મેં ઈન્ટર્નલ ફોન પર શેઠને જણાવી.

''એ ફોન કોનો હતો?''

''રસધારાબેનનો.''

''રસધારાબેન કોણ છે?''

''છોકરીઓની નવી નવી ફેશનની ચીજવસ્તુઓની દુકાન ચલાવે છે. અમારે ત્યાંથી માલ લે છે. શેઠને ધીરે ધીરે સારો સંબંધ થઈ ગયો છે. સારો સંબંધ એટલે... એ બંને પરણશે એવું લાગતું હતું. શેઠના પહેલા પત્ની બે વર્ષ પહેલાં અકસ્માતમાં ગુજરી ગયાં પછી રસધારાબેનની અવરજવર વધી ગઈ.''

''રસધારાબેને શેઠને સીધો ફોન કરવાને બદલે તમારી સાથે મુલાકાતની વાત કેમ કરી?''

''એ હંમેશાં એવું જ કરતા. શેઠ કોઈની સાથે વેપાર સંબંધી વાત કરતા હોય ત્યારે અંગત ફોન લેતા નહિ એટલે રસધારાબેન શેઠની મુલાકાતે આવવાના હોય ત્યારે મને જણાવતા અને હું એ ટાઈમ શેઠને જણાવી દેતો.

''અચ્છા, અજયે મૂળ વાત પર પાછા વળતાં પૂછ્યું, ''આજની વાત કરો. રસધારાબેન શેઠને મળવા ક્યારે આવવાનાં હતાં?''

''બપોરના ત્રણ વાગે.''

''શેઠે એમને મળવાની હા પાડી?''

''જરૂર. અને એ પછી ઓફિસ સ્ટાફ જમવા ગયો. શેઠ કોઈકને ઘેર એક વાગે જમવા જવાના હતા એટલે અમારો એક કારકુન એક અર્જન્ટ ચેક પર એમની સહી લેવા એમની ચેમ્બરમાં ગયો અને... અને એ રાડ પાડી ઊઠયો. એણે જોયું કે શેઠનું ખૂન થયું છે. એણે ઘાંટાઘાંટ મચાવી મૂકી. હું ભાણું મૂકીને અહીં દોડી આવ્યો.''

''હં...'' અજય ઊંડા વિચારમાં ડૂબી ગયો. ''એ જમવા માટે બહાર જવાના હતા પણ એક વાગ્યા પહેલાં જ આ... બીના બની ગઈ. એમના ન આવવા વિશે પૂછપરછ કરતો કોઈનો ફોન આવેલો?''

''એમના મોબાઈલ પર કદાચ આવ્યો હશે. અહીં ઓફિસના ફોન પર તો કશી પૂછપરછ આવી નથી.''

''ત્યારે... એમની ચેમ્બરમાં આવ્યું કોણ?''અજયનાં ભવાં ચડી ગયાં.

''આવ્યા યમરાજા!'' દિનકર એકદમ બોલી ઊઠયો અને એ યમરાજાને રૂપે અંદરનો જ કોઈ માણસ આવ્યો હશે. અરે, ચેકમાં સહી કરાવવાનું બહાનું ધરનાર પેલો કારકુન જ ખૂની હોઈ શકે!''

''ના, દિનકર, એવું નથી. આ લોહિયાળ કામ કરવા નથી કોઈ બહારનું માણસ આવ્યું કે નથી ઓફિસના કોઈ કારકુનનું આ કામ. આ ભયંકર કરતૂત તો આપણા આ જગતકુમારનું છે! કેમ, જગતકુમાર. સાચી વાત છે ને?''

અજયની આ વાત સાંભળીને વધારે આશ્ચર્ય દિનકરને થયું હોય એવું લાગ્યું. એ બોલી ઊઠયો, ''ત્યારે મુરલીધર શેઠને છેલ્લે જીવતા જોનાર આ જગતકુમાર હતો?''

''જરૂર, અને એણે જ શેઠને મારી નાખ્યા છે.''

''એવું તું શા પરથી કહે છે?''દિનકરે માગણી કરી. પછી જગત ભણી વળીને કહ્યું, ''આઘાપાછા થવાનો વિચાર ન કરતા, જગતકુમાર. મારી ગન તમારા પડખામાં છે!''

અજયે સમજૂતી આપવા માંડી, ''જગતકુમાર કહે છે કે મારી ઓફિસમાંથી મેં શેઠને રસધારાબેનની મુલાકાતની વાત કરી હતી. બરાબર? શેઠે બપોરના ત્રણ વાગ્યાનો સમય સંમત કર્યો હતો, એમ પણ જગત કહે છે. બરાબર?''

''બરાબર'', દિનકરે મસ્તક હલાવ્યું.

''પણ એ જ વાત બનાવટી છે, દિનકર શેઠ બાર પછી પણ જીવતા હતા અને પોતે બહારની ઓફિસમાં હતો અને રસધારાબેનનો સમય શેઠને જણાવ્યો હતો, વગેરે બધું સાબિત કરવા એણે આ તૂત ઊભું કર્યું છે.''

''પણ રસધારાબેનનીય સાક્ષી છે કે જગતકુમારે શેઠની સાથે ત્રણ વાગ્યાની મુલાકાતની વાત કરી દીધેલી.''

''એ પણ સાચું. રસધારાબેન ઉપરાંત ટાઈપિસ્ટો અને કારકુનો પણ કહેશે કે જગતે શેઠને આ મુલાકાતની અને ટાઈમની વાત કરેલી પણ ત્યારે સામે છેડે શેઠ જીવતા નહોતા?''

''તારી પાસે આ વાતની સાબિતી શી છે, અજય?'' દિનકર મૂંઝાયો.

**(વાચકમિત્રો, દિનકરની મૂંઝવણનો ઉકેલ તમે વિચારો. પછી અજયના જવાબ સાથે તમારા વિચાર સરખાવજો. હાલ તો જુઓ ગત રહસ્યકથાનો ઉકેલ.)**

**રહસ્યકથા 'તક-સાધુ' નો ઉકેલ**

''ધરપકડ આનંદ સ્વામીની!''અજયે ધડાકો કર્યો. ''તારે હુલ્લડ કરાવવું છે, ભાઇ?'' દિનકરે માથું ધુણાવ્યું. ''દુષ્ટને દંડ દેવા માટે બધાં જોખમ ઉઠાવવાં પડે. જે એમ કરતા અચકાય છે તે આખરે પસ્તાય છે. સાંભળ. આનંદ સ્વામી અને તરલાનો ગુરુચેલીનો સંબંધ નથી એ તો દેખીતું છે. સ્વામીએ તેને પૂરેપૂરી જાળમાં લીધી હતી. કદાચ સીધેસીધી આશ્રમમાં રાખી લેત પણ એ લાખોનો દલ્લો લઇને આવે તે વધારે સારું. એથી ધનવાન મુરતિયા જનાર્દન સાથે પરણાવી. પછી જનાર્દનનું કાટલું કાઢીને ધનવાન વિધવાને પડખામાં લેવા કોશિશ શરૂ કરી. પહેલાં તો ચાલુ સ્કૂટરે ચંપલ પડી જવાનો બનાવ. ચંપલ પડે ત્યારે જ અને ત્યાં જ ખૂની હાજર હોય એવું ક્યારે બને? એ આગોતરી ગોઠવણ હતી અને હત્યાની રાત... અગર ફ્લેટને બારણાં ઉપરાંત મજબૂત જાળી પણ હોય તો મધરાતની વેળાએ કોઇ ત્રણ અજાણ્યા જણ માટે જાળી ખોલે ખરું? એ જ બતાવે છે કે તરલાએ સ્વામીના મોકલેલા હત્યારાઓને પ્રવેશ આપ્યો હતો. આ ભયાનક સાધુએ તરલા પર એવી ભૂરકી નાખી છે કે એ પતિના કમોત પછી પણ સ્વામી સ્વામીની માળા જપે છે.''